તા.૧૨/૦૨/૨૦૨૨ ના બોર્ડ ઓફ ડાયરેકટર્સની મીટીંગમાં ઠરાવ નં.૧૩ થી મંજુર કરવામાં આવેલ.

# મંડળી માટેની મોર્ગેજ લોનની ધિરાણનિતિ

| ક્રમ | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૧ | હેતુ | • મંડળીઓને કાર્યકારી ભંડોળ માટે ધિરાણની સુવિધા આપવા માટે |
| ૨ | લોન મેળવવાની પાત્રતા | • બેંકમાં થાપણ ખાતુ હોવુ જોઈએ.<br>• મંડળી બેંકની સભ્ય હોવી જોઈએ.<br>• મંડળીનો ઓડીટ વર્ગ "અ" કે "બ" હોવો જોઈએ.<br>• પાંચ હજાર કે તેથી વધારે વસ્તી ધરાવતા ગ્રામ્ય કે શહેરી વિસ્તારમાં બીન ખેતિ વિષયક સ્થાવર મિલ્કત ધરાવતો હોવો જોઈએ.<br>• મંડળી છેલ્લા ત્રણ વર્ષથી નફો કરતી હોવી જોઈએ. અને મંડળીમા એકત્રીત ખોટ ન હોવી જોઈએ.<br>• મંડળી ધિરાણ અને સરકાર માન્ય રેશનીંગની દુકાન સિવાયની અન્ય વેપારની પ્રવૃતિ કરતી હોવી જોઈએ.<br>• મંડળીમાં અસમતુલા હોવી જોઈએ નહીં. |
| ૩ | રીપેઈંગ કેપેસીટી | • મંડળીના નફાને ધ્યાને લેવાનો રહેશે.<br>• મંડળીનો વાર્ષિક નફો ઓછામાં ઓછો રૂા.૧,૦૦,૦૦૦/–નો હોવો જોઈએ.તેમજ ભલામણ કરેલ લોનના વ્યાજની રકમ કરતા નફો વધુ હોવો જોઈએ. |
| ૪ | લોનની મર્યાદા | • મંડળીની મોર્ગેજ કરવાની મિલ્કતના વેલ્યુએશનના ૬૦% અથવા મહતમ રૂા.૨૦,૦૦,૦૦૦/– આ બે પૈકી જે ઓછું હોય તે મર્યાદા રહેશે.<br>• મંડળીની મિલ્કત શહેરી વિસ્તારમાં/તાલુકા મથકમાં અથવા ગ્રામ્ય વિસ્તારમાં જે ગામની વસ્તી પાંચ હજાર કે તેથી વધુ હોવી જોઈએ અને મિલ્કત જે વિસ્તારમાં આવેલ હોય તે વિસ્તાર વિકસીત અને રહેણાંક ધરાવતો હોવો જોઈએ. |
| ૫ | મુદત/ હપ્તાની સંખ્યા | • લોનની મુદત ૩ વર્ષની રહેશે. પ્રથમ વર્ષે બોર્ડ ઓફ ડાયરેકટર્સની મીટીંગમાં મંજુર થશે ત્યારબાદ ૨ વર્ષે બ્રાંચ મેનેજરશ્રીને બોર્ડ ઓફ ડાયરેકટર્સની બહાલી મેળવવાની શરતે લોન રીન્યુ કરવાની સતા આપવામાં આવે છે.૩ વર્ષ પુર્ણ થયેલ નવેશરથી લોન બોર્ડ ઓફ ડાયરેકટર્સ પાસે મંજુર કરાવવાની રહેશે.<br>• મોર્ગેજ લોન દર વર્ષે રીન્યુ કરાવવાની રહેશે. પ્રથમ વર્ષે ઉપાડની તારીખથી ત્રણ વર્ષની મુદત ગણવાની રહેશે. |
| ૬ | જામીનગીરી | • મંડળીની વ્યવસ્થાપક કમિટીએ ઠરાવ દ્વારા તથા બાહેંધરી પત્ર દ્વારા લોન ચુકવવાની જવાબદારી સ્વીકારવાની રહેશે.અને વ્યવસ્થાપક કમિટીના સભ્યોને નોમીનલ સભ્ય બનાવવાના રહેશે. |
| ૭ | લોન અરજી સાથે બીડવાના આધારો | • બેંકના નમુનામાં અરજી<br>• મંડળીના પાનકાર્ડ,રાસાયણીક ખાતર તથા જંતુ નાશક વેંચાણનું લાયસન્સ મેળવેલ હોય તો તેની નકલ<br>• લાઈટબીલ, ટેલીફોન બિલની નકલ<br>• વાર્ષિક આવકનો દાખલો (સી.એ.પ્રમાણીત હિસાબો) |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

| | | |
|---|---|---|
| | | • ઈન્કમ ટેક્ષ ભરવા પાત્ર હોય તો છેલ્લા વર્ષના સમય મર્યાદામાં ભરેલ ઈન્કમ ટેક્ષ રીટર્નની કોપી.<br>• મંડળીના મિલ્કતના દસ્તાવેજની ટાઈટલ કલીયરન્સ સર્ટીની નકલ(સર્ચ ફી ની નકલ સાથે)<br>• મંડળીના મિલ્કતનું સરકાર માન્ય વેલ્યુએશન રીપોર્ટ સામેલ રાખવો.<br>• અન્ય બેંકોના નો–ડયુ સર્ટી<br>• ઉપરોકત દરેક દસ્તાવેજોની નકલો પર બ્રાંચ મેનેજરના સહી સિકકા સાથે અત્રે રજુ કરવા |
| ૮ | ચકાસણી ફી | • સહકારી મંડળીને થયેલ ધિરાણના કિસ્સામાં રૂા.૫,૦૦,૦૦૦/– સુધી રૂા.૨૫૦/– + GST તથા રૂા.૫,૦૦,૦૦૦/– થી ઉપર રૂા.૧૦,૦૦,૦૦૦/–સુધી રૂા.૭૫૦/–+ GST,૧૦,૦૦,૦૦૦/– થી ઉપર ૧૫,૦૦,૦૦૦/– સુધી રૂા.૧૦૦૦/– + GST ૧૫,૦૦,૦૦૦/– થી ઉપર ૧૫૦૦/–+ GST ચકાસણી ફી આકારવાની રહેશે. |
| ૯ | લોન ધિરાણ સમયે લેવાના દસ્તાવેજ | • પ્રોમીશરી નોટસ<br>• કન્ટીન્યુઈંગ ગેરન્ટી બોન્ડ<br>• ધિરાણની શરતો માન્ય રાખવાનું કબુલાતનામું<br>• ઈકવીટેબલ મોર્ગેજ ડીડ<br>• સાનગીરો કરાર ખત |
| ૧૦ | સીકયોરીટી | • મંડળીની સ્થાવર / જંગમ મિલ્કત બેંકની ફેવરમાં મોર્ગેજ કરાવવાની રહેશે. |
| ૧૧ | વ્યાજનો દર | • બેંકના પ્રવર્તમાન વ્યાજના દરે ધિરાણ થશે |
| ૧૨ | વ્યાજની આકારણી | • માસિક ધોરણે આકરણી કરવામાં આવશે. |
| | • આ ઉપરાંત બેંક તરફથી જે વધારાની શરતો નકકી કરવામાં આવે તે બંધનકર્તા રહેશે. | |

ચીફ એકઝીકયુટીવ ઓફિસર

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh